# પ્રાદેશિક કાર્યક્રમમાં મંડળીઓ અને સંગતો સહકારથી કાર્ય કરે છે.

બાળકોની સેવા કરનારે **I1b**અભ્યાસ વાંચવો.

યરુશાલેમની દીવાલો પુનઃબાંધવા માટે નહેમ્યાહે ઈસ્ત્રાએલી કુળોને સુગઠિત કર્યા. દરેક કુળની તેમના ક્ષેત્રમાં જવાબદારી હતી. તેણે પ્રથમ નુકશાનનો અંદાજ લગાવ્યો અને આયોજન કર્યું અને પછી શસ્ત્રધારી સુરક્ષા પુરી પાડી.



**૧. પ્રાર્થના અને દેવના વચન દ્વારા તૈયારી કરો :**

પ્રિય પ્રભુ, અમારા વિસ્તારની મંડળીઓના પરસ્પર સહકાર માટે આ અભ્યાસનો ઉપયોગ કરો.

૨ કાળ. ૩૬ :૧૫-૨૬માં યરુશાલેમનું શું થયું અને શા કારણે થયું તે જુઓ

૭૦ વર્ષ પછી રાજા સાઈરસની મદદથી ઈસ્ત્રાએલ બંદીવાનો છેવટે પાછા આવવા લાગ્યા. યરુશાલેમની દીવાલોને ફરી બાંધવામાં માટે નહેમ્યાહે પગલાં લીધાં.

**પગલું ૧)** ધ્યેય તથા જરૂરિયાતોને નક્કી કરો. નહેમ્યાહ ૧ લા અધ્યાયમાં યરુશાલેમના નુકશાનનો કેવો સામનો કર્યો તે જુઓ.

- પ્રશ્નો પૂછીને નહેમ્યાહે પ્રથમ યરુશાલેમના નુકશાન વિષે માહિતી એકઠી કરી. તેણે જે સાંભળ્યું તેનો પ્રતિભાવ શો આપ્યો ? (કલમ ૪ જુઓ)
- પોતાના લોકોના જે પાપાને કારણે દેશમાં આવી પરિસ્થિતિ આવી હતી તે પાપ નહેમ્યાહે કબૂલ કર્યા તેણે કોના પાપ ગણાવ્યા ? (૬ઠ્ઠી કલમ જૂઓ)

**પગલું ૨)** સત્યો જાણ્યા પછી ડહાપણ માટે પ્રાર્થના કરો. બીજા અધ્યાયમાં ઈસ્ત્રાએલ લોકોને મદદ કરવા પોતાને કેવી રીતે તૈયાર કર્યો તે શોધો.

**પગલું ૩)** લોકોને જવાબદારીઓ સોંપો, દરેક માણસની ક્ષમતા પ્રમાણે કામ સોંપીને નહેમ્યાહે કેવી રીતે આ મોટું કામ કર્યું તે ૩જા અધ્યાયમાં જૂઓ.

**પગલું ૪)** અન્યાયના વિરોધમાં દૃઢતાથી સામનો કરો.

- ચોથા અધ્યાયમાં નહેમ્યાહે કેવી રીતે વિરોધનો મુકાબલો કર્યો તે જૂઓ (તેણે દરેકને સખત કામ કરવા અનુરોધ કર્યો. જે ભાગમાં નબળાઈ હતી ત્યાં ખાસ ધ્યાન આપ્યું. તેણે પ્રભુ પર વિશ્વાસ રાખીને પોતાનું કામ કરવાનું કહ્યું, તેણે તથા તેના માણસોએ સંપૂર્ણ સમર્પણનો નમૂનો પૂરો પાડયો.
- પાંચમાં અધ્યાયમાં વિશ્વાસી નેતાએ કેવી રીતે ન્યાય પ્રસ્થાપિત કર્યો તે જૂઓ.
- નહેમ્યાહ તથા લોકોએ ક્યા અન્યાયો સ્વેચ્છાએ દૂર કર્યા ? ૭ થી ૧૫ કલમ જૂઓ.

**પગલું ૫)** ટીકાઓ તથા જૂઠાણા સામે દૃઢ થાઓ. છઠ્ઠા અધ્યાયમાં જુઓ કેવી રીતે નહેમ્યાહ અને તેના કાર્યકરોની સુરક્ષા દ્વારા ઈશ્વરને મહિમા મળ્યો.

- શત્રુના ધ્યાનભંગ કરવાના તથા બીવડાવવાના પ્રયત્નો નહેમ્યાહે કેવી રીતે ટાળ્યા તે ૧૧ થી ૧૪ કલમોમાં જુઓ.
- લગભગ ૧૦૦ વર્ષથી દીવાલ તૂટેલી હતી. ઈશ્વરની મદદથી તે કેટલા દિવસોમાં ફરીથી બાંધવામાં આવી?

૧૫ મી કલમ જુઓ.

- તેથી શત્રુઓ ઈસ્ત્રાએલના દેવ વિષે શું શીખ્યા ? ૧૬મી કલમ જુઓ

**પગલું ૬)** સંપૂર્ણ થયેલ કામને માટે પ્રભુને મહિમા આપો. નહેમ્યાહ ૮ :૨ થી૧૨ અને ૯ :૧-૫માં ઈશ્વરે રેડેલા આશિષો જુઓ.

**૨. સહકાર્યકરો જોડે આગામી સપ્તાહના કાર્યોનું આયોજન કરો.**

સ્થાનિક જરૂરિયાતો અને રિવાજોને બંધ બેસતી પ્રવૃત્તિઓ પસંદ કરો.

- અન્ય સમૂહોના આગેવાનોને મળો અને સાથે મળી આયોજન કરો મદદ મેળવો.
- પ્રભુ ને માટે મહાન કાર્યક્રમો કરવા નહેમ્યાહના પગલે ચાલો.

**૩. સહકાર્યક્રમો સાથે આગામી ભજનસેવાનું આયોજન કરો.**

પ્રસગને અનુસાર પ્રવૃતિ પસંદ કરો.

ભજનસેવા દરમ્યાન **પ્રાર્થના કરો**. પાપોની કબૂલાત કરો. સભ્યોની જરૂરિયાતો પ્રભુ તમને બતાવે એવું માંગો. સાથે મળીને પ્રભુનો મહિમા થાય માટે જુદા જુદા સમૂહો એક થાય તેવું પ્રભુ આગળ માંગો.

સમૂહ બહારના લોકોની જરૂરિયાતો માટે વિશ્વાસીઓએ કરેલા કામને સારુ **ઈશ્વરની સ્તુતિ કરો**. ગયા અઠવાડિયે કરેલ કાર્ય માટે સાક્ષીઓ તથા અહેવાલ માંગો.

નહેમ્યાહની **વાર્તા કે તેના ભાગો કહો**. આ અભ્યાસ કેટલાક અઠવાડિયા ચલાવો.

નહેમ્યાહના ૧લા અને બીજા અધ્યાયનું વર્ણન કરવા સહાયકો **તૈયાર કરો**. લોકોને કહો કે લોકોની જરૂરિયાતો માપવા તથા કામને માટે પોતાને તૈયાર કરવા નહેમ્યાને કયાં પગલા ભર્યા તે પર ધ્યાન આપો. વાર્તા કહ્યા પછી વિશ્વાસીઓને કહો તેમણે શું શું નોંધ્યું ? (પહેલા ભાગમાં ઉત્તરો છે )



આ કાર્યમાં નહેમ્યાહે વિરોધીઓ સામે કરેલા વર્તનનું **નાટક ભજવો.**

**નહેમ્યાહ** : આ નગરની દીવાલો ફરીથી બાંધવા માટે પ્રભુ આપણને સહાય કરશે.

**સનબાલાટ** : નહેમ્યાહની પાછળ જઈને એકદમ મોટેથી બોલે છે - ''બસ બંધ કરો. બહુ કામ થઈ ગયું.''

**નહેમ્યાહ** : મને આ કામ પ્રભુએ સોંપ્યું છે દૂર જાઓ.

**સનબાલાટ** : તું કદી સફળ થશે નહિ અમારી સાથે આવ અમારે એક અગત્યની વાત કરવાની છે.

**નહેમ્યાહ** : અમે એક મોટું કામ કરી રહ્યાં છીએ તે અધુરું મૂકીશું નહિ તમારી સાથે વાત કરવામાં કામ શા માટે બંધ કરવાનું ?

**સનબાલાટ** : તું અહીં ભારે જોખમ ઊઠાવી રહ્યો છે.

**નહેમ્યાહ** : પ્રભુ અમારું રક્ષણ કરશે.

**બાળકો** ગીતો અને નાટક રજુ કરે અને વડીલોને પ્રશ્નો પૂછે.

**પ્રભુ ભોજન**ની સેવા માટે નહેમ્યાહ ૨ :૧-૫ વાંચો - કહો કે નહેમ્યાહ રાજા માટે પ્યાલો તૈયાર કરતો હતો પણ પ્રભુ ના સમયે પ્રભુ આપણે માટે પ્યાલો તૈયાર કરે છે. તેનું રક્ત આપણે માટે પાપોની ક્ષમા તથા આપણા રાજા સાથેના સબંધો લાવે છે.

અઠવાડિયા દરમ્યાનની પ્રવૃત્તિઓ માટે **જાહેરાત કરો.** અને આવનાર સેવાના પડકારોનો સમાનો કરવા માટે પ્રાર્થના સંગત ની જાહેરાત કરો.

૨ કાળ. ૭ :૧૪ **મુખપાઠ કરો.**

**બે કે ત્રણ જણાના જૂથ પાડો.** મંડળીની યોજનાઓ માટે પ્રાર્થના કરો અને એકબીજાને પ્રોત્સાહન આપો.

Copyright@2004 Paul - Timothy May be freely copied.
Download from www.paul-timothy.net